Chapter. 4

પ્રકરણ – ૪

સંશોધન અને સંપાદન

પ્રકરણ : ૪ : સંશોધન અને સંપાદન

સંશોધન

વિવેચકે પોતાનો સંશોધન ગ્રંથ નોમ ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણના આધારે 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન' વિષય પર રજૂ કર્યો છે. આ સંશોધન નિબંધને મુખ્ય ચાર પ્રકરણમાં વિભાજિત કર્યો છે. દરેક પ્રકરણના વળી પેટા વિભાગ છે. 'પ્રવેશ', 'પરિપ્રેક્ષ્ય', 'તત્ત્વનિરૂપણ' અને 'તત્ત્વપરીક્ષા'ના ચાર પ્રકરણ છે. 'પ્રવેશ'માં ભાષાવિજ્ઞાન પર આધારિત ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણની કાવ્યતપાસની પ્રવૃત્તિમાં આવશ્યકતાનો મુદ્દો ચર્ચ્યો છે. 'પરિપ્રેક્ષ્ય'માં ચોમ્સ્કી પૂર્વે ભાષાલક્ષી અને જ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં થયેલા નોંધપાત્ર વિચારો અને અભિગમોની ટૂંકી માહિતી અને સમજૂતી દર્શાવી છે. 'તત્ત્વનિરૂપણ'માં નોમ ચોમ્સ્કીની ભાષાલક્ષી વિચારણા અને સંસર્જનાત્મક વ્યાકરણનું સ્વરૂપ, કાર્ય અને ચોમ્સ્કી પછીના અન્ય ભાષાવિદોની વિચલન અને ભાષાસંદર્ભે થયેલી વિચારણાની મુદ્દાસર નોંધ કરી છે. 'તત્ત્વપરીક્ષા'ના પ્રકરણમાં બાર આધુનિક કાવ્યોનું ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણની પદ્ધતિએ પૃથક્કરણ, વિશ્લેષણ કર્યું છે.

વિવેચકે નોંધ્યું છે કે કવિતાના અભ્યાસના પાયામાં ભાષા રહેલી છે અને ભાષાવિજ્ઞાન દ્વારા ભાષાના સ્વરૂપને સમજીને કાવ્યના સંવેદન સ્વરૂપને વર્ણવવું આધુનિક કવિતાઓના સંદર્ભે વધુ ઉચિત ઠરે છે. શબ્દસ્થિતિઓ પ્રગટ કરતી અને અપ્રત્યાયનશીલતા તરફ જતી આધુનિક કવિતાઓને પ્રમાણનારું વિવેચન રૂઢ ઉપાદાનોને બદલે ભાષાસ્વરૂપની વૈજ્ઞાનિક સમજ કેળવી ભાષાકીય ઉપાદાનો પ્રયોજે તો આધુનિક કવિતાઓના આનંદલોકને પામવામાં કીમતી સહાય મળી શકે.

'પ્રવેશ' પ્રકરણમાં જુદા જુદા વિભાગોમાં કવિતા વિવેચનને વ્યાકરણવિચાર ઉપયોગી નીવડે છે. આ મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરી છે. કૌત્સ, નિરુકતના આધારો લઇ વિવેચકે સ્પષ્ટ કર્યું છે કે, આધુનિક કવિતા અનર્થક નથી, માત્ર એને સમજવા માટેની યોગ્ય ભૂમિકાનો ભાવકમાં અભાવ છે. વ્યવહારભાષા અને કાવ્યભાષાનો ભેદ દર્શાવી આધુનિક કવિતાનાં રોજિંદી ભાષાથી જુદાં, ઉપદ્રવશીલ અને વિશ્રાન્તિનો ભંગ કરનારાં વિચલનોને પારખવા માટે ભાષાના વ્યાકરણની સમજ કેળવવી ભાવક માટે આવશ્યક છે. રોજિંદી ભાષાના વૈજ્ઞાનિક સ્વરૂપને અને કાર્યને જાણીને પછી માન્ય ભાષાથી થયેલાં કાવ્યભાષાનાં વિચલનો પ્રમાણી શકાય. સોસ્યૂર પૂર્વે થયેલી ભાષાલક્ષી વિચારણામાં ભાષાને એના ઉત્ક્રાંતિમૂલક પરિપ્રેક્ષ્યમાં અને તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વર્ણવવામાં આવતી હતી.

વીસમી સદીના આરંભે સોસ્યૂરે ભાષાવિજ્ઞાન તરફનો વર્ણનાત્મક અભિગમ આપ્યો. અમેરિકામાં ફ્રાન્ઝ બોઆઝ, એડવર્ડ સપિર અને બ્લૂમફીલ્ડ દ્વારા ભાષાવિજ્ઞાનનો અભિગમ વર્તનવાદી મનોવિજ્ઞાનને અનુસરતો વૈજ્ઞાનિક અને વસ્તુલક્ષી બન્યો. આ અભિગમની સામે ચોમ્સ્કીએ ભાષાવિચારને સાર્વત્રિક વિચારણા અને ભાષા અંગેના નિયમોના ગણમાં સ્થિર કરતા ચિત્તવાદનો પુરસ્કાર કર્યો. ભાષક સ્મૃતિમાં સંગ્રહાયેલાં વાકયોનો પુનરુચ્ચાર નથી કરતો પણ એ ભાષા પ્રયોગ વખતે ભાષાસામર્થ્ય દાખવે છે. ભાષા રોજિંદા વ્યવહારમાં પણ સર્જનાત્મક છે. ભાષક પણ કવિની જેમ જ સર્જક છે. તેથી 'ભાષકની સર્જકતાથી કવિની સર્જકતાને પૃથક્ કરવાની એક ભૂમિકાની આવશ્યકતા ઊભી થઇ.'[૧] એમ નોંધ્યું છે. પણ આ પૃથકતા વિશેના સ્પષ્ટનિર્દેશો આપ્યા નથી. આ ચર્ચામાં ભાષા વપરાશના મુખ્ય ત્રણ વિભાગ પાડેલા જોઇ શકાય છે, પહેલો રોજિંદી વ્યવહારભાષાનો બીજો વપરાશ કવિ કે સર્જકોની ભાષાનો, ત્રીજો વિભાગ આધુનિક કવિઓએ વપરાશમાં લીધેલી ભાષાનો. વિવેચકે આ ત્રણ વપરાશની ભાષાને જુદી જુદી ગણી છે. પણ આ ત્રણેની કોઇ સ્પષ્ટ વ્યાવર્તકતા દર્શાવી નથી. વળી સંસર્જનાત્મક વ્યાકરણને માત્ર આધુનિક કૃતિઓના સંદર્ભે લાગુ પાડીને દર્શાવ્યું છે. માન્યભાષાની વૃક્ષાકૃતિઓ અને આધુનિક કૃતિઓની વૃક્ષાકૃતિઓ આપી છે. આધુનિકોત્તર કૃતિઓની સમજૂતી અને વ્યાકરણવિચારનો

૧. સંસર્જનાત્મક કાવ્ય વિજ્ઞાન પૃ.૧૭

પ્રયોગ આ કૃતિઓને લાગુ પડતા હોય તે રીતે દર્શાવ્યાં નથી. એટલે એમ સ્વીકારી લેવાનું રહે છે કે નોંધપાત્ર વિચલનો આધુનિક કૃતિઓ જ સાધે છે. અને

આ કૃતિઓને જ સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન કે વ્યાકરણવિચારથી તપાસવાની રહે છે.

કૃતિબાહ્ય સંબંધોને સ્વીકારતી ઓર્ફિક રચનાઓ અને કૃતિના અંતર્ગત સંબંધોને સ્વીકારતી હર્મેટિક રચનાઓ આકૃતિ દ્વારા સ્પષ્ટ કરી છે. આધુનિક કવિતાની ભાષા વિશે વિવેચકે નોંધ્યું છે કે આધુનિક કવિતાની ભાષા અસંક્રમણ તરફ જતી, કૃતિ અંતર્ગત સંબંધો પર ટકેલી, વિશેષ ક્રિયા દ્વારા સહજ વિકાસને બદલતી, નિર્હેતુક રમત જેવી અને ભાષાની ભૌતિકતાને સ્થાપિત કરતી છે. વનસ્પતિશાસ્ત્રમાં લીલા છોડને સૂર્યપ્રકાશથી મુક્ત રાખીને કરવામાં આવતી પાંડુકૃશતાના પ્રયોગને આધુનિક કવિતા સાથે સરખાવ્યો છે. પાંડુકૃશતાનો પ્રયોગ જીવાતુભૂત તત્ત્વથી દૂર રાખતાં મળેલ પરિણામોને દર્શાવે છે તેથી આ પ્રયોગ નકારાત્મકભાવ દર્શાવે છે. આધુનિક કાવ્યસંદર્ભે આ ઉદાહરણ યોગ્ય બનતું નથી. પરંપરાગત વિવેચન જે સહજાનુભૂતિ અને પાંડિત્યના આધારે ચાલ્યું છે, તેને બદલે હવે ભાષાવિજ્ઞાનની નકકર શાસ્ત્રીય પદ્ધતિ અપનાવવી જરૂરી છે, એમ પ્રતિપાદિત કરવામાં વિવેચકે આળા બનીને આવેશમૂલક આત્યંતિક વિધાનો કર્યાં છે. જેમકે –

'આપણા વિવેચકોએ આવાં 'સહજાનુભૂતિ' અને 'પાંડિત્ય'નાં વસૂકી ગયેલાં આંચળોને ઘણાં વર્ષો સુધી ધાવ્યા કર્યા છે.'[1] વિવેચક જાણે ચુકાદો આપતા હોય તેમ લખે છે 'આજનો વિવેચક જો આ પછી ભાષાવિજ્ઞાનનાં પરિણામોને સતત અવગણતો રહેશે તો એ એની તુમાખીબાજ બેવકૂફી લેખાશે.'[2], 'પ્રમાદ અંગેનો કોઈ ખરખરો કે અજ્ઞાન અંગેનો કોઈ બચાવ હવે વિવેચનમાં સાંખી લઈ શકાય નહિ'[3].

૧. સંસર્જનાત્મક કાવ્ય વિજ્ઞાન પૃ.૧૭એજન પૃ. ૨૦-૨૧
૨. એજન પૃ. ૨૧
૩. એજન પૃ. ૨૧

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં આલંકારિકોએ વૈયાકરણોને 'બુધ' ગણી મુખ્ય વિદ્વાનો તરીકે સ્વીકાર્યા છે. ધ્વનિના અનિત્ય, વ્યંજક સ્વરૂપને અને સ્ફોટના નિત્ય વ્યંગ્ય સ્વરૂપને દર્શાવી કાનથી પમાતો 'ધ્વનિ' અને બુદ્ધિથી જે પામી શકાય છે એ 'સ્ફોટ'ના કાર્યને સ્પષ્ટ કરી બંનેની આવશ્યકતા સ્વીકારી છે. કાવ્યશાસ્ત્રીઓએ 'ધ્વનિ' સંજ્ઞાનો ઉપયોગ વાચ્યઅર્થ, વાચક શબ્દ, વ્યંગઅર્થ, વ્યંજક શબ્દ તથા વ્યંજનાવ્યાપાર બધા માટે કર્યો છે. કાવ્યશાસ્ત્રમાં વ્યાકરણનો આધાર લેવાની પરંપરા સંદર્ભે ભારતીય કાવ્યશાસ્ત્રની વિચારણા આમેજ કરી છે.

ચૉમ્સ્કી વાક્યોના ગણ અંગેના અમૂર્ત નિયમો, એ નિયમોનાં રૂપાન્તરો દ્વારા ભાષાઓની નીચે રહેલી સર્વસામાન્ય સાર્વત્રિક ભૂમિકાઓ તપાસવા પ્રેરાય છે. ચોમ્સ્કીના વાક્યવિચારને ભારતીય વાક્યવિચારની અભિધા, લક્ષણા અને વ્યંજનાની વૃત્તિઓ સાથે સાંકળી, તાત્પર્યવૃત્તિની સમજૂતી આપી છે. અભિહિતાન્વયવાદ, અન્વિતાભિધાનવાદ, સમુચ્ચયવાદી વાક્યવિચાર અને અંખડાર્થબોધનો વાક્યવિચાર રજૂ કરી એને આધુનિક વ્યાકરણશાસ્ત્ર સાથે સાંકળ્યું છે. સંસ્કૃત વાક્યવિચાર પદોના સંબંધ અને અન્વયને વર્ણવે છે. ચૉમ્સ્કીનો વાકયવિચાર વ્યાકરણવર્ગોને તપાસી પદનિર્દેશકો દ્વારા અર્થ માટેનો સંયોજનમાર્ગ નક્કી કરશે, અને આ માર્ગ નક્કી કરવા માટે રચાયેલા પ્રક્ષેપ નિયમોના સંદર્ભમાં વરણનિયંત્રણનો ભંગ જોશે. ચૉમ્સ્કીનો વાકયવિચાર વાકયની વ્યવસ્થા, નિયમોને લક્ષમાં લે છે. ભારતીય કાવ્યશાસ્ત્ર આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ દ્વારા, તાત્પર્યવૃત્તિ દ્વારા, તત્ત્વાર્થ કે વાક્યાર્થનો જે બોધ છે, થાય તેને વાક્ય તરીકે સ્વીકારે છે. જયારે ચૉમ્સ્કીનો વાકયવિચાર વ્યાકરણિક વ્યવસ્થા અને સંબંધને સ્વીકારે છે. આધુનિક કવિતાના સંદર્ભે ભાવક અર્થનો ઉત્પાદક પણ છે, તેથી કૃતિની ભાષાના રચનાકાર્યને સમજવા માટે વિશેષ રીતે ગોઠવાયેલી ભાષાની વ્યવસ્થાને પામવા ભાવકે ભાષાક્રિયાઓનો પરિચય મેળવવો આવશ્યક બને.

'પરિપ્રેક્ષ્ય'ના પ્રકરણમાં આઇનસ્ટાઇને સમયના ચોથા પરિમાણની અને સાપેક્ષતાની જે વિભાવના આપી એને કારણે જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં આવેલા

પરિવર્તનોની નોંધ કરી છે. ગુણધર્મોને બદલે પરિચાલનો મહત્ત્વનાં બન્યાં, દ્વિમૂલ્યોને સ્થાને બહુમૂલ્ય નિર્ણયો, પરિવર્તનના રૈખિક ખ્યાલને બદલે પ્રક્રિયા તરીકેનો ખ્યાલ અને પૂર્ણતાને બદલે સંભાવનાના ખ્યાલને મહત્ત્વ અપાયું. કોર્ઝિબસ્કીએ આઇનસ્ટાઇનના સાપેક્ષવાદનો સિદ્ધાંત સ્વીકાર્યો. અર્થ એ માત્ર શબ્દો નહીં પણ શબ્દોના સંયોજનો સાથે પણ સંબંધ ધરાવે છે. એરિસ્ટોટલના સમયની મૂલ્યનિર્ણાયક આદતોને પડકારતા ઉદ્દેશ્ય અને વિધેય સરખાં ન હોઇ શકે એમ દર્શાવી નવો સંકેત Non-Aristotelian Ā શોધ્યો. સાપેક્ષ સિદ્ધાન્તનો પરિચાલન અભિગમ ભાષામીમાંસામાં અખત્યાર કરતાં અર્થને કે વસ્તુને નિરપેક્ષ ન ગણતાં એકબીજા સાથે સંબંધિત સાપેક્ષ અને ગતિશીલ ગણ્યાં. કોર્ઝિબસ્કીએ ભાષા વિશેની વિચારણામાં વિશ્વની અને અનુભવોની અપરિમેયતા, પ્રક્રિયાશીલતા અને રૂપાન્તરતાની સામે આપણી ઇન્દ્રિયો અને ભાષાની મર્યાદા અને સીમિતતાને દર્શાવી છે. ભાષા દ્વારા નિતાંત અનુભવો વર્ણવવાનું શકય નથી, જે રીતે કોઇ પ્રદેશનો નકશો એ પ્રદેશ નથી તેમ ભાષા એ નકશો છે, પ્રદેશ-વિશ્વ નથી. આધુનિક કવિઓએ કવિતાનું માધ્યમ તરીકેનું , સૌંદર્યના સ્થાપક તરીકેનું કાર્ય પડતું મૂકી કવિતાની સ્વાયત્તતા અને શુદ્ધતાનું કાર્ય સ્વીકાર્યું. શબ્દોને બહારના વિશ્વના પરિપ્રેક્ષ્યમાં નહીં પણ કોઇ સ્વરૂપમાં અને તરાહમાં સંયોજિત જોવાના પ્રયત્નો થયા.

સોસ્યૂરે ભાષાનાં ઐતિહાસિક અને તુલનાત્મક વિશ્લેષણને સ્થાને ભાષાના વર્ણનાત્મક વિશ્લેષણનો પુરસ્કાર કર્યો. હુમ્બોલ્ટના ભાષાને પ્રવૃત્તિ ગણવાના વિચારનો સ્વીકાર કરી સોસ્યૂરે રૂઢિથી નિર્દેશકો સાથે સંકળાયેલા યાદૃચ્છિક સંકેતોના આંતરસંબંધોને વર્ણવવાનું કાર્ય સ્વીકાર્યું. સોસ્યૂરે ભાષાને સ્વરૂપગત સ્થાનમાંથી પોતાનું મહત્ત્વ જન્માવતા, એકદમ દઢપણે સંકળાયેલા અને પરસ્પરાવલંબી એકમોની સુગ્રથિત વ્યવસ્થા તરીકે દર્શાવી. ભાષામાં ઘટકો વચ્ચેના આંતરસંબંધોનું સમતોલન મહત્ત્વનું છે. શબ્દ અને અર્થના સંપ્રત્યય દ્વારા સોસ્યૂરે સ્પષ્ટ કર્યું કે ધ્વનિ પ્રતીક એ કોઇ શુદ્ધ ભૌતિક ધ્વનિ નથી, પરંતુ ધ્વનિ અંગેની મનોગત છાપ છે. ભાષાની વ્યવસ્થામાં વાકયના ઘટકોનો એની સાથે હાજર રહેલા ઘટકો સાથેનો સંબંધ તે ક્રમવર્તી સંબંધ છે જ્યારે ઘટકનો એની સાથે

ગેરહાજર ઘટકો સાથેનો સંબંધ તે ગણવર્તી સંબંધ છે. ભાષા સમગ્રપણે જે ભાવકોના ચિત્તમાં, ઘટકોની વ્યવસ્થા સ્વરૂપે સમજાય છે તે ભાષાસામર્થ્ય (Langue) અને સાક્ષાત વાક્ય-પ્રયોગોમાં અભિવ્યકત થાય છે તે ભાષાપ્રયોગ (Parole) છે. ભાષાસામાર્થ્ય એ શબ્દ, વ્યાકરણ, ધ્વનિના આંતરસંબંધોના સ્વરૂપોની વ્યવસ્થા છે. સોસ્યૂરની ચર્ચા ચોમ્સ્કીની ચર્ચાથી જુદી પડે છે. સોસ્યૂરે વાક્યને વાણીનું અંગ માન્યું હતું ભાષાનું નહીં. વાક્યવિન્યાસ વ્યાકરણના કેન્દ્રમાં ન હતો. સોસ્યૂરે ભાષાની સ્વરૂપલક્ષી પ્રતિષ્ઠા કરી પ્રથમ વિશ્વયુદ્ધે સાંસ્કૃતિક કટોકટી સર્જી. મોસ્કો યુનિવર્સિટીમાં 'મોસ્કો ભાષાવર્તુળ'ની સ્થાપના થઇ. કાવ્યપરક વાકયવિન્યાસના ભાષાકીય વિશ્લેષણો આપી અને સોસ્યૂરના નવા ભાષાસિદ્ધાન્તોને કાવ્યશાસ્ત્ર સાથે સાંકળી ભાષાકીય કવિતાનો અભિગમ વિકસાવ્યો. 'પ્રાહ ભાષાવર્તુળ'ના સાહિત્યકારોમાં રોમન યાકોબ્સન, ત્રુબેત્ઝકોઇ, જાન મુકારોવ્સ્કી વગેરે હતા. આ સ્વરૂપવાદીઓએ કાવ્યના સંકેતસ્વરૂપને અને એની ભાષાને મહત્ત્વ આપી કાવ્યવિવેચનને કાવ્યના ભેદક લક્ષણો પર કેન્દ્રિત કર્યું.

સ્વરૂપવાદી વિવેચકોએ સર્જકતાને, સૌંદર્યનિષ્ઠ પરિષ્કૃતતાને અને અભિવ્યક્તિની નવી ભંગીઓને આવકારી વિકટર શ્કલોવ્સ્કીના અભ્યાસલેખોના આધારે સ્વરૂપવાદીઓનું કલાની, ઇતિહાસ સાથે બદલાતી વિભાવનાના સંદર્ભે દષ્ટિબિંદુ સ્પષ્ટ કર્યું છે. પ્રત્યક્ષ સ્વયંચાલિત બનતાં, ટેવવશ બનતાં ગણિતની પદ્ધતિમાં સરી પડે છે. એને સર્જક કલાપ્રવિધિ દ્વારા અપરિચિત કરે છે અને એનું નવીનીકરણ કરે છે. કલ્પનનું મૂલ્ય સમગ્ર કલાકૃતિઓ સાથેના એના સંબંધમાંથી ઉપજાવવાનું છે. રોમન યાકોબ્સને જણાવ્યું કે કૃતિને રોજિંદી ભાષા, સાંપ્રતકાલીન સાહિત્યપરંપરા અને સાહિત્યપરંપરાની પ્રવૃત્તિને પડછે પામીએ છીએ. એટલે કે કૃતિના સંવેદન માટે માન્ય ધોરણો અને એનાથી થતો વિચ્છેદ સમજવો મહત્ત્વનું છે. માન્ય ધોરણોથી થયેલું વિચલન, વિરૂપકરણ કૃતિના મૂલ્યાંકનમાં મહત્ત્વનું બને છે. યાકોબ્સન સોસ્યૂરના ગણવર્તી અને ક્રમવર્તી સંબંધને સ્વીકારી, વરણ સાથે સરખાપણાનો સિદ્ધાંત અને સંયોજન સાથે

નિકટતાનો સિદ્ધાંત સાંકળે છે. યાકોબ્સનના મતે વરણ, સંયોજન, છંદ દરેકમાં કાવ્યભાષા સરખાપણાના સિદ્ધાંતથી નિયંત્રિત થાય છે.

જાન મુકારોવ્સ્કી બે પ્રકારની ઉક્તિઓમાં (૧) કરકસર દ્વારા સ્વયંચાલિત ભાષા હોય એવી ઉક્તિ અને (૨) ભાષાનું નવ્યકરણ થયું હોય એવી ઉકિતમાંથી કાવ્યભાષાના નવ્યકરણના કાર્યને સ્વીકારે છે. નવ્યકરણ પ્રત્યાયનને અવરોધે ત્યાં સુધી અભિવ્યકિતકાર્ય, ભાષાકાર્ય, વિચલન કે વિરૂપકરણ સાધે છે. મુકારોવ્સ્કી ભાષાના કાર્ય તરીકે સંક્રમણને બદલે સ્વરૂપકરણને સ્વીકારે છે. સ્વરૂપવાદીઓએ ભાષાનું પ્રયોજન ભાષામાંથી જ શોધ્યું હતું. પ્રાહ ભાષાવર્તુળના સંરચનાવાદી વિવેચકોએ ભાષાને કાર્યનિષ્ઠ વ્યવસ્થારૂપે પ્રસ્તુત કરી. આ વ્યવસ્થા ભાષાતંત્રની સંરચના છે. લેવી સ્ટ્રાઉસે સંરચનાવાદને કોઇ પદ્ધતિ કે સિદ્ધાન્ત ન ગણાવતાં એને વસ્તુઓ તરફ જોવાની એકમાત્ર રીત તરીકે ઓળખાવ્યો. પ્યાજેના મત મુજબ સંરચનાવાદ એ આત્મનિયંત્રણ, રૂપાંતર અને અખિલાઇના સિદ્ધાંતો પર આધારિત શોધપદ્ધતિરૂપે છે.

અમેરિકન નવ્ય વિવેચને વિવેચનને ચરિત્રમૂલક, પાંડિત્યમૂલક, સંસ્કારગંધી વિવેચન પદ્ધતિમાંથી મુક્ત કરી કૃતિવિશ્લેષણ સાથે સાંકળ્યું. આઇ. એ. રિચર્ડ્ઝે વૈજ્ઞાનિકતાનો આગ્રહ રાખ્યો અને કવિતાને બહારના જગતથી મુક્ત કરી અનુભવરૂપે સ્વીકારી. રિચર્ડ્ઝના અનુયાયીઓએ કવિતાને કવિ અને ભાવકથી પણ અલગ કરી. બ્રુકસે કવિતાને ભાષાવિષયક સ્તરે સ્વીકારી, અને કૃતિના સ્વરૂપને, સંરચનાને તપાસવાની પદ્ધતિ અપનાવી. નવ્યવિવેચને કવિતાને શુદ્ધતાના આગ્રહથી તપાસી.

ફ્રેન્ચ સંરચનાવાદી નવ્ય વિવેચનના પુરસ્કર્તા રોલાં બાર્થે કૃતિ ઇતર પ્રયોજન, હેતુ અને વિવરણથી કૃતિને મુક્ત કરી. કવિતામાં કોઇ નિશ્ચિત તૈયાર અર્થ હોતો નથી અને ભાવકે કૃતિની શૂન્યતામાં અર્થ રેડવાનો છે એમ સ્વીકાર્યું. સર્જકની સમકક્ષ વિવેચકને ગણી બંને ભાષાના એક જ હેતુથી કૃતિ સમક્ષ આવે છે તેમ દર્શાવ્યું. કાવ્ય એ સંકેતોના વિશિષ્ટ વિનિયોગથી ઘડાયેલી સૂચકભાષા છે, જેની

સત્તા એના અર્થમાં નહીં વ્યવસ્થામાં છે તેથી વિવેચકે કૃતિનો અર્થ નહીં એની વ્યવસ્થાને પુનઃપ્રાપ્ત કરવાની છે. બાર્થ સાહિત્યને અર્થ આપવાના મનુષ્યના અધિકારની સ્થાપના કરી તૈયાર અર્થના દષ્ટિબિંદુનો છેદ ઉડાડે છે.

વિટગન્સ્ટાઇનના મતે ભાષા એ એના સંકેતોના વિનિયોગના આધારે પોતાની સંજ્ઞામાં સમજાય છે. શબ્દનો અર્થ એના ઉપયોગમાં છે, પરિચાલનમાં છે એમ સૂચવે છે. અર્થ સંદર્ભે વિટગન્સ્ટાઇને ઉપલક વ્યાકરણ અને ઊંડું વ્યાકરણ એવી બે સંજ્ઞા આપી છે. ભાષારમતનો ખ્યાલ વિકસાવી ભાષાની વ્યવસ્થાને સ્થાનિક ગણાવી છે.

મનોવિજ્ઞાન ક્ષેત્રે અંતર્મુખપદ્ધતિ સ્વીકૃત હતી, તેની સામે જહોન વોટસને વર્તનવાદની વસ્તુલક્ષી પદ્ધતિનો ખ્યાલ રજૂ કર્યો. કોઇ પણ વર્તનને, જે પરિમિત છે તેનાં કારણો દ્વારા સમજાવ્યું અને અભિસંધિતતા દ્વારા વર્તનવાદની આત્યંતિક ભૂમિકા ઊભી થઇ. ઉદ્દીપક અને પ્રતિક્રિયા દ્વારા કોઇપણ જીવંતનું વર્તન વર્ણવી સમજાવવાનું હતું. ભાષાવિજ્ઞાન ક્ષેત્રે વાકયને પણ ઉદ્દીપક અને પ્રતિભાવ સ્વરૂપે, અભિસંધિતતાની પ્રવિધિ તરીકે જોવાતું. બ્લૂમફીલ્ડે અપરિમેયને બાદ કરવું એમ સ્વીકારતાં ભૌતિક રીતે પૃથક્કરણ થઇ શકે તેવા ધ્વનિના અભ્યાસો પર ધ્યાન કેન્દ્રિત થયું અને ભાષાના દુર્ગમ, સંદિગ્ધ એવા અર્થતત્ત્વ તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું. સ્કીનરના આત્યંતિક વર્તનવાદી અભિગમની સામે ચોમ્સ્કીએ ચિત્તવાદનો પુરસ્કાર કર્યો.

પ્રતીકવાદ, પરાવાસ્તવવાદ, અસ્તિત્ત્વવાદ, કોન્ક્રિટ કવિતા, પ્રતિકવિતા જેવા વિવિધ પ્રયોગશીલવાદોએ ભાષા પર આત્યંતિક પ્રક્રિયાઓ કરી.

વિવેચકે કેટલાક ભાષાવિદોના પ્રયત્નો વિશે જણાવ્યું છે. કાર્લ વોસ્લેરે અવાજ અને લયના રોજિંદી ભાષાના ઉપયોગિતામૂલ્યની સામે કવિતાના આંતરિક અને નિર્ણયમૂલક મૂલ્યને વર્ણવ્યું છે. લિયો સ્પિટ્ઝરના મતે કૃતિની આંતરસંયોજના વિના કૃતિની સમજ મેળવવી મુશ્કેલ બને છે. રોબર્ટ એબરનાથી કવિતામાં વ્યકત

થતી માહિતી સામગ્રી, ભાષા, ઉક્તિઓ, પ્રાસતત્ત્વ જેવાં ઘટકોને વૈજ્ઞાનિક પદ્ધતિથી વર્ગીકૃત કરે છે, તપાસે છે.

SMT. HANSA MEHTA LIBRARY • The M. S. University of Baroda

સી.એફ.વોગેલિન એક જ વ્યાકરણમાં નૈમિત્તિક અને અનૈમિત્તિક ઉક્તિઓને સમાવવાનો મત ધરાવે છે. સૉલ સપોર્ટાના મતે માન્ય ભાષાથી થતું વિચલન એ જ શૈલી છે અને કાવ્યભાષા એ ભાષાનો ઉપવર્ગ છે. માઇકલ રિફતેરે કૃતિની વિગતો દ્વારા જ ભાવકે પોતાને નિયંત્રિત રાખી કૃતિના સ્વરૂપગત લક્ષણોનું જ વિશ્લેષણ કરવું જોઇએ એમ સ્વીકાર્યું છે. મેનફ્રેડ બિર્વિશની ચર્ચાનો ટૂંક સાર એ છે કે કાવ્યવ્યાકરણે બે સજ્જતા કેળવવી જોઇએ. એક તો અ-કાવ્યાત્મક અભિવ્યક્તિથી કાવ્યાત્મક અભિવ્યક્તિને પૃથક્ કરવાની ક્ષમતા અને બીજું વિવિધ પ્રકારની કાવ્યભાષા પર કાવ્યાત્મકતાની કોટિઓનો વિનિયોગ કરવો તે. એડવર્ડ સ્ટેન્કીવિઝના મતે ભાષક, વસ્તુસામગ્રી, વાક્કર્મ, સંકેત અને અર્થસામગ્રીના પરિમાણોનું આંતરસંયોજન કાવ્યભાષામાં જુદી રીતે થયેલું હોય છે. રિચર્ડ ઓમાનના મતે સાહિત્યકૃતિઓના સ્વરૂપને મેળવી અંતરંગસંરચનાથી બહિરંગસંરચનાના માર્ગમાં ઘટકો વચ્ચેના સંબંધોનું નિરીક્ષણ કરી ભાષાગત વિચલનને પામી શકાય છે. જેમ્સ પિટરથોર્નના મતે વિચલન ઉક્તિઓ જેમાં હોય તે કવિતા પર આધારિત સંસર્જનાત્મક વ્યાકરણ વિકસાવવું જોઇએ. બીજા પ્રકરણમાં કાવ્યભાષાના સ્વરૂપ વિશે જે-જે વિદ્યાશાખાના વિદ્વાનોએ પોતાની રીતે પ્રયત્નો કર્યા તે માહિતી રજૂ કરી છે. કાવ્યભાષાના સ્વરૂપની તપાસમાં આવતાં પરિવર્તનો વાદસંદર્ભે પણ નોંધ્યાં છે.

સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાનનું 'તત્ત્વનિરૂપણ'નું ત્રીજું પ્રકરણ છાસઠ પૃષ્ઠોમાં વહેંચાયેલું છે. ચોમ્સ્કીની ભાષાક્રાંતિ વિશેની ચર્ચા ચોમ્સ્કીના સિદ્ધાંતોના આધારે કરતાં વિવેચક કાવ્યવિજ્ઞાન તરફ ગયા છે. સ્કીનરના વર્તનવાદની સામેનો ચિત્તવાદ ચોમ્સ્કીએ જે ભૂમિકાએ સ્થાપ્યો છે એની રજૂઆત કરી છે. ભાષા માનવીની ચિત્તગત સામર્થ્ય, ક્ષમતા, અંતઃનિહિત પ્રતિભા અને બહુ સરળતાથી જેને સમજાવી ન શકાય, વિશ્લેષી ન શકાય એવી આગવી આંતર વ્યવસ્થા છે. ચોમ્સ્કીના મત મુજબ વ્યક્તિ વ્યાકરણના નિયમોના પરિમિત ગણનો ઉપયોગ

કરી અપરિમિત સંખ્યામાં વાકયો સંસર્જે છે. પરિચિત તૈયાર વાકયોનો સમુચ્ચય ઓછો હોય છે. વ્યકિતએ કયારેય ન સાંભળેલાં, બોલેલાં વાક્યો બોલે છે, સાંભળે છે, સમજે છે. વ્યકિત પરિચિત ઘટકોનાં નવાં સંયોજનોનો મુકાબલો કરે છે.

ચોમ્સ્કીએ વાક્યોનો સિદ્ધાંત ઉપસાવ્યો છે. તર્ક પદ્ધતિઓની જેમ સ્વરૂપનું મૂલ્ય કર્યું છે. ચોમ્સ્કીના વાકયવિચારને વર્ણવતાં વિવેચક સમજાવે છે કે, પદસંરચના વ્યાકરણ દ્વારા વર્ગીયતત્ત્વોની સૂત્રશ્રેણી તૈયાર થાય છે. એટલે કે પદસંરચનાની Pattern તૈયાર થાય છે. એ મુજબ વર્ગીયતત્ત્વો એટલેકે એક જૂથમાં સમાવી શકાય એવાં તત્ત્વોની સૂત્રશ્રેણી તૈયાર થાય છે. આ સૂત્રશ્રેણીને વિવેચકે નામખંડ અને ક્રિયાખંડના વર્ગો કે સૂત્ર દ્વારા દર્શાવી એને અંતરંગ સંરચના કહી છે. આ સૂત્રશ્રેણીને શબ્દકોશ દ્વારા ભરવામાં આવે છે. અર્થાત્ નામખંડમાં વિશેષણ અને નામ તથા ક્રિયાખંડમાં કર્મપદ, ક્રિયાવિશેષણ, ક્રિયાપદનાં વર્ગોમાં યોગ્ય શબ્દો પસંદ કરીને મૂકવામાં આવે છે. વાકયના નિયમોના આધારે આ શબ્દોમાં જરૂરી રૂપાન્તર કરવામાં આવે છે. આ તબક્કે વિભકિતના પ્રત્યયો, વિકારી પરિવર્તન, પ્રશ્ન, નકાર, કર્મણિ, ભાવે પ્રયોગ આદિને ધ્યાનમાં રાખીને પરિવર્તનો કરવામાં આવે છે. આ રૂપાન્તર પામ્યા પછી બહિરંગસંરચના સર્જાય છે. જેનું રૂપિમધ્વનિમ નિયમો દ્વારા પ્રત્યક્ષ ધ્વનિસંકેતોમાં પ્રતિનિધાન થાય છે. એટલે કે સમજાય એવું વ્યાકરણિક વાકય શબ્દ ધ્વનિ સ્વરૂપે અસ્તિત્વમાં આવે છે. આ વ્યાકરણ અને ભાષકના ચિત્તની અલ્પાંશે સમાંતરતા છે, જેમાં સંસર્જનાત્મક વ્યાકરણની મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા પડેલી છે. વ્યાકરણતા અને ઘટકોની સંરચનાનો સાથે વિચાર કરી સંસર્જનાત્મક રૂપાન્તર વ્યાકરણનો આ નમૂનો ચોમ્સ્કીએ તૈયાર કર્યો.ચોમ્સ્કીએ પ્રારંભે અર્થઘટકનો સમાવેશ કર્યો નહોતો. પછીથી અર્થઘટકને સમાવે છે ત્યારે અંતરંગ સંરચનાના તબક્કા પર જ અર્થઘટક એટલે કે અર્થ નિશ્ચિત થઇ જતો હોય છે, એમ સ્વીકારે છે.

ભાષામાં વાક્યો અંગેની સમસ્યાઓ તો રહેલી જ છે કારણકે આ સિદ્ધાંત પ્રાથમિક કક્ષાના અમૂર્ત એવા વિચારથી વાકયનું વર્ણન, અને સ્વરૂપ સમજાવે છે.

આ સાદાં વાકયોના આધારે પ્રશ્ન, નિષેધ, કર્મણિ, કર્મણિ નિષેધ જેવાં ભિન્ન સ્વરૂપનાં વાકયોનાં પરિવર્તનો નોંધી શકાય છે. પણ વાકયથી ટૂંકાં ફલકનાં અને બહુ વિસ્તૃત ફલકનાં ભાષાપ્રયોગો કે સંકુલ વાકયપ્રયોગો વિશેનું તાર્કિક વિશ્લષેણ આ ભાષાવિજ્ઞાન સંતોષકારક રીતે દર્શાવી શકતું નથી. ઉપરાંત કાકુ, ભાર, સ્વરભાર વગેરેને વર્ણવવાનું પણ અશકયવત્ બને છે. આ મર્યાદાઓ વિવેચકે નોંધી છે. આ વ્યાકરણની મોટી વિશેષતા દર્શાવતાં વિવેચકે નોંધ્યું છે કે વાકયને જયારે જયારે સંસર્જવામાં આવે છે ત્યારે એ કયા પ્રકારનાં સ્વરૂપો લેશે એ અંગેની અટકળ આ વ્યાકરણના આધારે કરી શકાય છે.

સંસર્જનાત્મક વ્યાકરણનું સ્વરૂપ અને કાર્ય વર્ણવતાં વિવેચકે વાકયવિન્યાસઘટક, રૂપાન્તરઘટક, રૂપાન્તરવિચાર અને અર્થઘટક વિશે વિસ્તૃત માહિતી આપી છે. આ ઘટકો વડે વાકય કઈ રીતે અંતરંગ સંરચના અને બહિરંગ સંરચના સિદ્ધ કરી અર્થવત્ વ્યાકરણિક વાકય બને છે, તેની સમજૂતી વૃક્ષાકૃતિઓ દ્વારા આપી છે.

અંતરંગ સંરચનાની વ્યાખ્યા વિવેચકે આપી છે, 'વાકયની અંતરંગસંરચના એટલે વાકયના અર્થને નક્કી કરતું અમૂર્ત અન્તર્હિતરૂપ, એ ભાષકના ચિત્તમાં હોય છે પણ સીધું પ્રત્યક્ષ સંકેતમાં રજૂ થતું નથી.'[૧]

બહિરંગ સંરચનાની વ્યાખ્યા છે :- 'વાકયની બહિરંગ સંરચના એટલે પ્રત્યક્ષ સંકેતોનું લાંબા-ટૂંકા વાકયખંડોમાં જુદાજુદા વર્ગોના શબ્દોમાં ચોક્કસ પ્રત્યયો કે પરાપ્રત્યયો કે ગોઠવણી વગેરેમાં સાક્ષાત થયેલું આયોજન.'[૨]

પદના રૂપાંતરોના આવશ્યક રૂપાંતરો અને વૈકલ્પિક રૂપાંતરો એવા બે વિભાગ દર્શાવી એની સમજૂતી આપી છે. વાકયતત્ત્વ સિદ્ધ કરતા વિભકિત, વચન, લિંગ, કાળ આદિને કારણે થતાં રૂપાંતરો આવશ્યક રૂપાંતરો છે. જયારે લોપ, અવેજી, વિસ્તાર, સંકોચ, પ્રેક્ષપ, સ્થાનવિનિયમ વગેરેને વૈકલ્પિક રૂપાંતરો તરીકે ઓળખાવ્યાં છે.

અર્થસિદ્ધાન્ત સંદિગ્ધ વાકયની શકય વાચના આપે છે. અર્થઘટનશીલ

૧. સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન પૃ. ૮૦
૨. એજન પૃ. ૮૦

અર્થવિજ્ઞાનની માનક સિદ્ધાંત અને વિસ્તૃત માનક સિદ્ધાંત એવી બે શાખાઓ વિશે વિવેચકે ચર્ચા કરી છે. રૂપાન્તર નિયમો, અર્થપ્રવિધિઓ, સંયોજનમાર્ગ, વરણનિયમો કે વરણનિયંત્રણોની ચર્ચાઓમાંથી વિવેચકે બે મુખ્ય તારણો તારવ્યાં છે કે (૧) વ્યાકરણનો વિન્યાસઘટક એક માત્ર સંસર્જનાત્મક ઘટક છે. (૨) અંતરંગસંરચના અર્થપરક અર્થઘટન માટે બધી જ માહિતી ધરાવે છે; એટલે કે રૂપાન્તરો અર્થપરિવર્તન કરતાં નથી. વિસ્તૃત માનક સિદ્ધાંત બીજા તારણને છોડી દે છે. સંસર્જનાત્મક અર્થવિજ્ઞાન અંતરંગસંરચનાના સ્વાયત્ત સ્તરનો છેદ ઉડાડી રૂપાન્તરના ઉપાદાન દ્વારા બહિરંગ સંરચના તરફ વધે છે. અંતરંગ સંરચના સાથે અર્થપ્રતિનિધાનોને એકરૂપ કરી દે છે. વિભક્તિના વ્યાકરણવિચારને પ્રત્યેક ભાષાના તલઘટકમાં સ્થાન હોય છે; એવો ફિલમોરનો વિચાર રજૂ કર્યો છે.

ધ્વનિઘટકની સમજૂતી આપતાં સંસર્જનાવાદીઓએ ધ્વનિનાં લક્ષણોને મહત્ત્વ આપી ઘન (+) અને ઋણ (-) ની સંજ્ઞા સ્વીકારી છે. વિવેચકે નોંધ્યું છે કે સંસર્જનાત્મક ધ્વનિશાસ્ત્રીઓ શકય એટલાં સ્વરૂપોની અસ્તવ્યસ્ત યાદી આપવાને બદલે સંબંધિત નિહિત સ્વરૂપોમાંથી નિયમો દ્વારા રચાતાં બધાં જ બાહ્યસ્વરૂપો માટેનું અત્યંત વ્યવસ્થિત રચનાતંત્ર આપવા શકિતમાન બન્યા છે.

વ્યાકરણની નિયામક વ્યવસ્થા, ભાષકની સહજાનુભૂતિ, વાકયોની સંદિગ્ધતા, વરણનિયંત્રણો, વ્યાકરણની માત્રા અને વિચલિત વાકયો વિશે ચર્ચા કરી છે. આ દ્વારા ભાષાના વ્યાકરણિક સ્વરૂપથી કાવ્યભાષાની વિચલિત વાકયઘટક શ્રેણી સુધી ચર્ચાને વિસ્તારી છે. સેમ્યુઅલ લેવિન, પોલ ઝિફ, જેરોલ્ડ કાત્ઝ અને વાઈનરાઈખની વિચલન સિદ્ધાંતો વિશેની વિચારણા રજૂ કરી છે.

વિવેચકે કવિઓ વિચલન પ્રવિધિઓ અખત્યાર કરી વ્યાકરણની ભોંય પર ઊભા રહીને વ્યાકરણની પદ્ધતિએ સુબદ્ધ છતાં વિચલિત વિશિષ્ટ વાકયરચના પ્રયોજે છે, એમ ઉદાહરણો દ્વારા દર્શાવ્યું છે. મધ્યકાળ, અર્વાચીનકાળના કવિઓ અને આધુનિક કવિઓમાં વિચલનની માત્રાનો ભેદ દર્શાવ્યો છે. કવિતા છંદ, પ્રતીક, ભાષા, પ્રકાશન, છપાઈ, ધ્વનિઘટક, વાકયવિન્યાસઘટક, શબ્દકોશ જેવા દરેક

પાસાંમાં વિચલનો કરી શકે. વિવેચક એ તારણ પર પહોંચે છે કે કવિતામાં વિચલન એના સ્વરૂપનો ધર્મ છે. લેવિનના આધારે આંતરવિચલન અને બાહ્ય વિચલન જેવા વિચલનના બે પ્રકાર દર્શાવ્યા છે. વિવેચકે ઉદાહરણમાં નોંધ્યું છે કે-

'એક જ કવિતામાં પ્રાસબદ્ધ રીતે ગોઠવાતી આવતી પંકિતઓમાં કોઈ પંકિતઓ પ્રાસ વગરની દાખલ કરાય કે કોઈ એક જ કવિતામાં ચાલી આવતા છંદમાં ફેરફાર કરીને બીજો છંદ મુકાય તો તે આંતરવિચલનનાં ઉદાહરણો છે.[1] જ્યારે અન્ય ગદ્યખંડો કરતાં કવિતા જે વિશેષ રીતે કાગળ વચ્ચે છપાય છે તે બાહ્ય વિચલન છે. વિવેચક ભાવકની સજ્જતાની અપેક્ષા રાખતાં નોંધે છે કે –

'કવિ દ્વારા થતું વિચલન પરિચાલન અને ભાવક દ્વારા થતું વિચલન-અભિજ્ઞાન, કવિ ભાવક ઉભયપક્ષે વિચલન સામર્થ્ય કે આપણી પૂર્વની વ્યાકરણ પરંપરામાં કહેવું હોય તો વિચલન સ્ફોટ **(deviation competance)**ની અપેક્ષા રાખે છે.[2]

ગ્રાઈન્ડર અને એલ્ગિનની 'સંકોચન'ની પરિભાષાને ખપમાં લઈ વિવેચકે રોજિંદી ભાષાથી કાવ્યભાષાનો ભેદ દર્શાવ્યો છે કે કાવ્યમાં 'સંકોચન' સંદિગ્ધતાને પોષે એ પ્રકારનું હોય છે અને તરલ હોય છે.

કવિ બહિરંગ સંરચનાના સ્તરે અનેક પ્રકારની સંદિગ્ધતાઓ જન્માવવા એક કરતાં અનેક અંતરંગ સંરચનાના સ્વરૂપોનો સ્વીકાર કરે છે. વ્યવહારભાષામાં નિષિદ્ધ હોય એવાં વૈકલ્પિક રૂપાન્તરોને રૂપાન્તર સ્તરે અપનાવી એને તરલ રીતે સંકોચે છે, અર્થસ્તરે વરણનિયમો અને ચુસ્ત ઉપવર્ગીય નિયમોનો ભંગ કરી શબ્દોના અર્થનિર્દેશકો અને અર્થવિભેદકોનું નવું સહચારિત્વ સિદ્ધ કરે છે અને ધ્વનિગત સ્તરે જુદાજુદા પ્રકારના ધ્વનિશ્રેણીસંબંધ દ્વારા વિશેષ ધ્વનિતરાહો ઊભી કરે છે.

---

૧. સંસર્જનાત્મક કાવ્ય વિજ્ઞાન પૃ. ૧૨૬
૨. એજન પૃ. ૧૨૭

વિવેચકે ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણની મર્યાદાઓ સ્પષ્ટ કરવા માટે ચાર્લ્સ હોકેટનો આધાર લીધો છે. ચાર્લ્સ હોકેટે ચોમ્સ્કીના સિદ્ધાંતો ભાષાવિનિયોગને બદલે ભાષાનિયમોના આધારે રચાયેલા હોવાથી કલ્પિત અને વધુ પડતા અમૂર્ત જ કહ્યા છે. આ વ્યાકરણ વાકયથી નાના અને મોટા ફલકની વાક્યરચનાઓ સમાવતું નથી, ભાષાની જીવંત સમૃદ્ધિ ચૂકી ગયું છે, બધી ભાષામાં સર્વસામાન્ય લક્ષણો શોધવાનો ભ્રાંતિમૂલક ઉપક્રમ દાખવે છે અને ભાષક તથા કવિની સર્જકતાની ભિન્નતાને દર્શાવવામાં ઊણું ઊતર્યું છેઃ જેવી મર્યાદાઓ વિવેચકે નોંધી છે. ચોમ્સ્કીના આધારે અન્ય ભાષાવિદોએ કરેલા મહત્ત્વના આયાસોમાં લેવિન, કાત્ઝ, થ્રાઈન્ડર અને એલ્ગિનના સિદ્ધાંતોની મર્યાદાઓ પણ દર્શાવી છે.

વિવેચકે કાવ્યભાષાને સંસર્જનાત્મક વ્યાકરણના આધારે સમજવા માટે તલઘટકમાં કાવ્યઘટકની કલમ દ્વારા કાવ્ય અને વ્યાકરણને સાંકળી કાવ્યભાષાના વ્યાકરણનો એક નમૂનો તૈયાર કર્યો છે. જે અનુસાર કાવ્યભાષાની રચનામાં આરંભના તબક્કાએથી જ કાવ્યઘટક પ્રભાવી બને છે અને અંતરંગ સંરચના, અર્થપ્રતિનિધાન, રૂપાંતરણ, બહિરંગ સંરચના અને ધ્વનિગત પ્રતિનિધાનની પ્રક્રિયા અંતે કાવ્યપ્રતિનિધાન તરફ દોરી જાય છે. વૃક્ષાકૃતિ દ્વારા પોતે સ્થાપેલા પ્રતિમાનને કાવ્યપંક્તિઓના ઉદાહરણો સાથે રજૂ કર્યું છે.

વિવેચકનો ઉદ્દેશ ચોમ્સ્કીના સંસર્જનાત્મક વ્યાકરણના આધારે કાવ્યભાષાની તપાસ માટેની એક શાસ્ત્રીય પૃથક્કરણાત્મક પદ્ધતિ દર્શાવવાનો છે. ચોમ્સ્કીના ભાષાવિજ્ઞાનની મહત્ત્વની વિચારણાઓને વિવેચકે રજૂ કરી છે. અન્ય ભાષાવિદોના સિદ્ધાંતોને ખપમાં લીધા છે. આ વ્યાકરણ પણ અપૂર્ણ છે. જ્ઞાનના ક્ષેત્રમાં કોઈ નિયમ અફર હોઈ શકતો નથી, એવો વિવેચકને ખ્યાલ છે.

વિવેચકની પદ્ધતિ વિચાર રજૂ કરી એને જરૂરી આધારો સાથે દર્શાવી, દષ્ટાંતો અને વૃક્ષાકૃતિઓ દ્વારા સમજૂતી અને પૃથક્કરણો આપવાની છે. વિવેચકની ભાષા વર્ણનાત્મક છે, પરિભાષા ખચિત છે. જાણીતી પરિભાષાના પ્રયોગને બદલે નવી પરિભાષા વ્યુત્પન્ન કરવાની વિવેચકની શૈલી દુર્બોધતા અને

સંદિગ્ધતાને વધારે છે. મનુષ્યનું ચિત્ત જે પ્રકારે વાકયને સર્જે છે તે પદ્ધતિનું મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ વિશ્લેષણ કરી વૃક્ષાકૃતિઓ દ્વારા સમજાવ્યું છે. વાકય એની વ્યવસ્થા પ્રમાણે સર્જાય છે અને આ વ્યવસ્થા ભાષકના ચિત્તમાં સંગોપાયેલી છે. વિવેચકે નોંધ્યું છે કે –

'કોઈપણ અંતરંગ સંરચના કોઈ એક ચોકકસ બહિરંગ સંરચનાના સાક્ષાત્કાર તરફ લઈ જશે, પરંતુ તેનાથી ઊલટું સાચું નથી. બીજા શબ્દોમાં કહીએ તો એકની એક બહિરંગસંરચના એક કે એકથી વધારે અંતરંગસંરચના દ્વારા સિદ્ધ થઈ શકે છે. એટલે કે જુદી જુદી અંતરંગસંરચના એક જ બહિરંગ સંરચના પર લઈ જાય.'[૧]

આ વિધાન વિરોધાભાસી, અસ્પષ્ટ અને ઉદાહરણો દ્વારા ચર્ચા ન હોવાથી નિરાધાર ઠરે છે. વળી બહિરંગ સંરચનાને વ્યુત્પન્ન શ્રેણી (derived string) ગણી છે, એટલે કે તે મૂળશ્રેણી, મૂળસંરચના પર આધારિત છે, તેથી પણ આ વિધાન વિરોધાભાસી બને છે અને પોતાના પૂર્વાર્ધને વધુ સ્વીકૃત બનાવે છે.

વિવેચકે કાવ્યભાષાને પ્રમાણવા માટેનાં વૈજ્ઞાનિક કહી શકાય એવા પૃથક્કરણાત્મક ઓજારોની શોધમાં ચોમ્સ્કીના ભાષાવિજ્ઞાનના સિદ્ધાંતોની છણાવટ કરી છે. કાવ્યના માધ્યમ તરીકે ભાષાને મહત્ત્વ આપી ભાષાવિષયક ચર્ચા સમાવિષ્ટ હોય એવા રશિયન સ્વરૂપવાદ, નવ્ય ઇતિહાસવાદ, સંરચનાવાદ અને સંસર્જનાત્મક ભાષાવિજ્ઞાન જેવા સિદ્ધાંતો અને અન્ય સાહિત્યકારો તથા ભાષાવિદોની ચર્ચા વિચારણાને અહીં સમાવી છે. આ આધારો વડે વિવેચકે કાવ્યભાષાને વર્ણવવાનો સિદ્ધાંત ઘડવાનો પ્રયત્ન કર્યો છે. ચોમ્સ્કીના ભાષકની ચિત્તગત પ્રક્રિયાના વર્ણનાત્મક પ્રતિમાનને ખપમાં લઇ વિવેચકે કવિની કાવ્યભાષાની ચિત્તગત પ્રક્રિયાના પ્રતિમાનને મૌલિક રીતે દર્શાવ્યું છે. આરંભથી જ કવિ વિશિષ્ટ રીતે વાકયને, ભાષાને પ્રયોજવાની પ્રક્રિયામાં પ્રવૃત્ત હોય છે, એમ સ્વીકારી વિવેચકે તલઘટક સાથે જ કાવ્યઘટકને જોડી દઈને અંતરંગસંરચના

૧. સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન પૃ. ૮૧

અને અર્થઘટકની પણ પહેલાના તબક્કે કાવ્યસર્જનની પ્રક્રિયાની ચિત્તગત અવસ્થાને મૂકી આપી છે. કવિનાં વિચલનો આરંભથી જ ભાષાનિર્મિતિની પ્રક્રિયામાં વરણનિયંત્રણો અને ચયન પ્રક્રિયા દ્વારા પરિવર્તનો આણે છે.

વિવેચકના દર્શાવ્યા અનુસાર ભાષા પ્રયોજનના ચિત્તગત ખ્યાલના પ્રારંભિક તબક્કાથી જ સામાન્ય ભાષક કરતાં કવિ જુદો પડે છે, તેથી એ ભાષા નિર્મિતના દરેક તબક્કે વિચલન સાધી શકે છે, અને તેથી કવિની ભાષા રોજિંદી ભાષાથી જુદી રહે છે.

વિવેચકે પોતાના વિચારોને રજૂ કરવા માટે વિવિધ વ્યાખ્યાઓ, આકૃતિઓ, વૃક્ષાકૃતિઓ, કાવ્યપંક્તિઓનાં અને ભાષારૂપોનાં ઉદાહરણો, વ્યાકરણિક વિશ્લેષણો જેવી વિવિધ પદ્ધતિઓ અપનાવી છે. કાવ્યભાષાની મહત્તા સ્વીકારનારા રશિયન સ્વરૂપવાદ, રૂપરચનાવાદ, સંરચનાવાદ, નવ્ય વિવેચન જેવા વિવિધ અભિગમોથી સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાનનો આ સિદ્ધાંત જુદો પડે છે. ચોમ્સ્કીનો સિદ્ધાંત ભાષકની ચિત્તગત સ્થિતિઓને લક્ષમાં લઇ વ્યાકરણના માધ્યમથી ભાષા શા કારણે જુદી પડે છે તેને વર્ણવે છે, વિશ્લેષે છે. જયારે અન્ય અભિગમો કાવ્યભાષાને એના સ્વરૂપભેદે રોજિંદી ભાષાથી જુદી પાડી, એ માટે જરૂરી એવી સંદિગ્ધતા, નવીનીકરણ, પ્રત્યગ્રતા, અપરિચિતીકરણ, વિચલન, વિશિષ્ટ અન્વય, વાકય રચનાના ફેરફારો, નવીન સાહચર્યો જેવી વિવિધ પ્રવિધિઓ વિશે વર્ણનાત્મક અને મૂલ્યાંકનપરક વિધાનો આપે છે.

સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન કાવ્યમાં પ્રયોજાયેલી પ્રવિધિઓ ભાષાની કે વાકયની કઇ સંરચના દ્વારા વ્યકત થાય છે તે દર્શાવે છે. ચોમ્સ્કીનો વ્યાકરણવિચાર કવિના ચિત્ત દ્વારા અસ્તિત્વમાં આવતા ભાષાવ્યવહાર અને ભાષાસામર્થ્યને લક્ષમાં રાખી તલઘટકથી, ધ્વનિગતપ્રતિનિધાન સુધીના દરેક તબક્કે કવિ જે વિચલનો સાધે છે તેને વ્યાકરણગત પૃથક્કરણથી દર્શાવે છે. આમ અન્ય અભિગમો પ્રવિધિઓને અનુલક્ષીને કાવ્યભાષાની ચર્ચા કરે છે, તો સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાનનો અભિગમ પ્રવિધિઓ સમાવતી ભાષાની સંરચનાના વર્ણન અને પૃથક્કરણને

લક્ષમાં રાખે છે. સાપ્રંત વિવેચનકાર્યમાં કૃતિ વિવેચન કરતી વખતે કૃતિભાષાને સ્થાને કૃતિબાહ્ય સંદર્ભો સાથે જોડવાની પરંપરા શરૂ થઇ છે ત્યારે કાવ્યભાષા સ્વાયત્તતા અને તેનું અભિવ્યક્તિ સૌંદર્ય સ્થિર કરવા માટે આધુનિકતાના ગાળામાં આપણા વિવેચકોએ ભાષાવિજ્ઞાનના સિદ્ધાંતોનો કાવ્યભાષાની વ્યાવર્તકતા અને સર્જનાત્મકતા દર્શાવવા માટે વિનિયોગ કર્યો હતો. એ સંદર્ભમાં વિવેચકનો પ્રસ્તુત શોધનિબંધ કાવ્યભાષાનું એક નવું સર્જનાત્મક પાસું દર્શાવી આપે છે એ ભૂમિકાએ તેનું ચોક્કસ મૂલ્ય છે. જો કે વિવેચકના શોધનિબંધ સામે ભાષાવિજ્ઞાનના વિદ્વાનોએ વાંધાઓ પણ રજૂ કર્યા છે. પણ તે વાંધાઓથી વિવેચકના કાર્યનું મૂલ્ય તદ્દન ઘટી જઇ ન શકે.

(વિવેચકે ચોથા પ્રકરણમાં 'તત્ત્વપરીક્ષણ'ની જે ચર્ચા કરી છે, તેને પ્રત્યક્ષ વિવેચનમાં સાંકળી લીધી છે.)

૪.૨ સંપાદન

વિવેચકે સત્તર પુસ્તકો સંપાદિત કર્યાં છે. સંપાદન પાછળ કોઇ વિશિષ્ટ હેતુ રહેલો હોય છે. સર્જકની ઉત્તમ કૃતિઓનો સંચય, વિશિષ્ટ સમયગાળામાં પ્રકાશિત કૃતિઓનો સંચય, વિશિષ્ટ ખાસિયતો ધરાવતી કૃતિઓનો સંચય, વિષય પરનાં વ્યાખ્યાનો કે લેખોનો સંચય, સર્જક કે કૃતિ વિશેનાં વિવેચનનો સંચય, સાહિત્યસ્વરૂપનો સંચય, સાહિત્યિક અભિગમકેન્દ્રી સંચય; જેવાં જુદા જુદા હેતુઓ સંપાદનપ્રવૃત્તિ પાછળ રહેલાં હોય છે. સામગ્રીના ચયન પાછળ સંપાદકનાં હેતુલક્ષિતા અને સ્વીકાર-પરિહાર માટેનાં ધોરણો કાર્યરત હોય છે. સંપાદકની ભૂમિકા અને પદ્ધતિ સંપાદનકાર્યને ઘડે છે. સંપાદકે બધી સામગ્રી માત્ર એકઠી કરવાની નથી. સામગી વિશેનાં પોતાનાં તારણો, નિરીક્ષણો આપી સંપાદનનો પોતાનો હેતુ અને ભૂમિકા સ્પષ્ટ પણ કરવાનાં છે. સામગ્રી અંગેના આ તારણો-મૂલ્યાંકનો વિવેચનાત્મક પ્રવૃત્તિ બને. તેથી વિવેચકનાં વિવેચનકાર્યના એક ભાગ તરીકે વિવેચકનાં સંપાદકીય લખાણોની નોંધ લીધી છે.

વિવેચકનાં સંપાદનોમાં એકથી વધુ પદ્ધતિએ સંપાદકીય નોંધ મળે છે. **'વનશ્રી'** (પ્ર.આ.૧૯૬૩) **'વિવેચક ઉમાશંકર'** (પ્ર.આ.૧૯૮૯) જેવાં પુસ્તકોમાં સાવ ટૂંકી નોંધ મળે છે. જેમાં સંપાદનનું નિમિત્ત અને અન્ય કેટલીક સાભિપ્રાયતા વિશે સ્પષ્ટતા કરી છે. **'ગુજરાતી કવિતા ચયન ૧૯૯૩'** (પ્ર.આ.૧૯૯૫)નો સંપાદકીય લેખ એ પ્રકારનો છે. સંપાદકે **'જયંત ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ'** (પ્ર.આ.૧૯૯૪) 'આપણી કવિતા સમૃદ્ધિ' (પ્ર.આ.૨૦૦૪) જેવા સંપાદનોમાં સંપાદકીય લેખોમાં સામગ્રી વિશેનાં નિરીક્ષણો અને મૂલ્યાંકનોની એક વિસ્તૃત નોંધ આપી છે. વિવેચકે કેટલુંક કોશસંપાદનનું કાર્ય અન્ય સાથે કર્યું છે : **'આધુનિક સાહિત્યસંજ્ઞા કોશ'** (પ્ર.આ.૧૯૮૬) 'વિશિષ્ટ સાહિત્યસંજ્ઞા કોશ'. (પ્ર.આ.૧૯૮૮), 'ગુજરાતી ટૂંકીવાર્તા કોશ'. (પ્ર.આ.૧૯૯૦), ગુજરાતી સાહિત્યકોશ - ખંડ-૨. (પ્ર.આ.૧૯૯૦) અને ગુજરાતી સાહિત્યકોશ ખંડ-૩ (પ્ર.આ.૧૯૯૬). વિવેચકના સંપાદનોમાં એમની ભૂમિકા અને પદ્ધતિને લક્ષમાં રાખી સંપાદકીયનોંધ વિશેનાં મારાં નિરીક્ષણો આ વિભાગમાં સમાવ્યાં છે. આ સંપાદનોને પ્રકાશનવર્ષ અનુસાર સ્વતંત્રપણે તપાસ્યાં છે.

'વનશ્રી' (પ્ર.આ.૧૯૬૩) પોરબંદરના કવિ દેવજી મોઢાના વનપ્રવેશ નિમિત્તે વિવેચકે કરેલું એકાવન કાવ્યો કૃતિઓનું સંપાદન છે. 'આયાસસિદ્ધ કોઇ સૌન્દર્ય નિર્મિતિના અતિશય વિના સહજ રીતે સ્ફુરી આવતી કૃતિઓ'[૧]. ના આ સંચયમાં વિવેચકે બે-ત્રણ લીટીમાં સંપાદકીય નોંધ આપી છે. કાવ્યોમાંથી પસાર થતાં કાવ્યો વિશેનું વિવેચકનું નિરીક્ષણ ઉચિત પ્રતીત થાય છે. પ્રાસંગિકતા સિવાય આ સંગ્રહનો બીજો કોઇ હેતુ સ્વીકાર્ય બને એમ નથી.

'આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ (પ્ર.આ.૧૯૮૬)માં સંપાદકોનો હેતુ નિવેદનમાં જણાવ્યો છે – 'કોશનું ધ્યેય સંશોધન-વિવેચનમાં પર્યાયની નિશ્ચિતતા સાથે વર્ણનાત્મક ઓજારો પૂરાં પાડવાનું છે.'[૨]. અનુસ્નાતક અને અનુસ્નાતકોત્તર અધ્યયન સંશોધનમાં તેમજ અધ્યાપકોને ડેસ્ક રેફરન્સ તરીકે ઉપયોગી નીવડે, એવી આ સંપાદનની ઉપયોગિતા સંપાદકોએ જોઇ છે. કવિતા અને આધુનિક

૧. વનશ્રી
૨. આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ

વિવેચન અંગેની મોટાભાગની સંજ્ઞાઓ વિશે વિવેચકે નોંધ કરી છે. આ કોશમાં અંગ્રેજી સંજ્ઞા અને એનો ગુજરાતી પર્યાય આપી, સંજ્ઞાની ટૂંકી સમજૂતી આપી છે. સંજ્ઞા જે સાહિત્ય સ્વરૂપ, સાહિત્યિક અભિગમ અને સાહિત્યકારો સાથે સંકળાયેલી હોય તેમનો ઉલ્લેખ કર્યો છે. અન્ય કલાઓના સંદર્ભો વણી લીધાં છે. આ અધિકરણોની ભાષા વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક છે. પહેલાં સંજ્ઞાને પરિભાષાઓ દ્વારા સમજાવી છે, પછી એનું સરળ ભાષામાં સ્પષ્ટીકરણ કર્યું છે. સંજ્ઞા કયા સમય-સર્જક સંદર્ભમાં અસ્તિત્વમાં આવી તે દર્શાવ્યું છે. સંજ્ઞાની સમાનાર્થી, વિરોધાર્થી સંજ્ઞાઓ વિશે માહિતી આપી છે. વિશ્વસાહિત્ય અને ગુજરાતી સાહિત્યમાંથી ઉદાહરણો ટાંક્યાં છે. સંજ્ઞાના વર્ણનની પદ્ધતિ પૂરી શાસ્ત્રીય અને સમજૂતીપરક છે. અધિરોહ, વિડંબિકા, રુદનિકા, બનન્તી, પીઠમર્દ જેવા ગુજરાતી પર્યાયો રુચિકર અને વિભાવાનામૂલક બનતાં નથી. 'કચરાપેટી નાટક' સીધા ભાષાંતરરૂપ સંજ્ઞા પણ રુચિકર નથી. પુસ્તકમાં અંતે અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી પરિભાષા સૂચિ અને કર્તાનામ ઉચ્ચાર સૂચિ મૂકી છે. અભ્યાસ માટે ઉપયોગી નીવડે એવો કોશ શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર થયો છે.

'વિશિષ્ટ સાહિત્ય સંજ્ઞા કોશ' (પ્ર.આ.૧૯૮૮)એ 'આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશની પૂર્તિ સ્વરૂપ કોશ છે.' એમાં અનુઆધુનિક અનુસંરચનાવાદી અને વિનિર્મિતવાદી સંજ્ઞાઓનો સમાવેશ કર્યો છે. આ કોશનાં પદ્ધતિ અને માળખું પણ એના પુરોગામી કોશને અનુસરે છે. તેર સંજ્ઞાઓ બાદ કરતાં બાકીની સંજ્ઞાઓ વિશે વિવેચકે સમજૂતી લખી છે. વિશ્વસાહિત્યમાં પ્રચલિત આ સંજ્ઞાઓમાંની ઘણી ઓછી સંજ્ઞા ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત છે. આ કોશમાં સંદર્ભગ્રંથોનાં નામ આપ્યાં છે. સૂચિ આપી નથી.

'નવલરામ'(પ્ર.આ.ડિસેમ્બર-૧૯૮૮) પુસ્તિકા એ નવલરામ વિશે ક. લા. સ્વાધ્યાય મંદિરના ઉપક્રમે નવલરામની મૃત્યુ શતાબ્દી નિમિત્તે યોજાયેલા પરિસંવાદનું ગ્રંથસ્વરૂપ છે. સંસ્થાના નિયામક તરીકે સંપાદનનું કાર્ય વિવેચકના ફાળે આવ્યું હશે. વિવેચકે પ્રાસ્તાવિકમાં નવલરામના સમયથી અનુઆધુનિક

સમય સુધીમા વિવેચનમાં બદલાતી પરિપાટીની ચર્ચા કરી છે. 'ઇશ્વરનું મૃત્યુ, મનુષ્યનું મૃત્યુ, મનુષ્યનો ફરી જન્મ' જેવી પશ્ચિમની વિચારધારોઓ અને પરિવર્તનોના સંદર્ભે વિવેચનની બદલાતા રુખનો ટૂંકમાં પરિચય આપ્યો છે. પુસ્તકમાં સમાવિષ્ટ સાત લેખો વિશેની સંકલિત નોંધ અને ગુજરાતી વિવેચનના સંદર્ભે વિકાસનો આલેખ આ સંપાદકીય નોંધમાંથી મળતો નથી.

'વિવેચક ઉમાશંકર'(પ્ર.આ.૧૯૮૯, બીજી આવૃત્તિ-૨૦૦૩) પુસ્તિકાની પુનઃસંસ્કરણ પામેલી બીજી આવૃત્તિનું સંપાદન વિવેચકે કર્યું છે. વિવિધ વિદ્વાનોના સાત લેખોનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં એમનાં સિદ્ધાંત, પ્રત્યક્ષ વિવેચન, સંશોધન, સંપાદન, પત્રકારત્વ અને મધ્યકાલીન ગુજરાતી કૃતિઓ પ્રત્યેના અભિગમો વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે. સંપાદકીય નોંધમાં ઉમાશંકરની વિવેચક પ્રતિભા વિશે વિવેચકે પોતાનાં નિરીક્ષણો રજૂ કર્યાં છે. ઉમાશંકરની વિવેચન દૃષ્ટિ નીતિવાદી, માનવતાવાદીની સાથેસાથે સૌંદર્યવાદી પણ રહી છે. ઉમાશંકર ગાંધીયુગથી આધુનિકયુગ પર્યંતની ચેતના સાથે અનુસંધાન સાધે છે. વિવેચકે સ્વકીય મુદ્રાથી ઉમાશંકરની વિકાસમાન સંવિદને પ્રમાણી છે, અહીં પણ તમામ લેખો વિશેની સંકલિત નોંધ નથી.

વિવેચકે **'ગુજરાતી ટૂંકીવાર્તા કોશ'**(પ્ર.આ. માર્ચ-૧૯૯૦) નું સંપાદન અન્ય લેખકો સાથે કર્યું છે. આ કોશમાં અર્વાચીનથી આધુનિક અને પછી અનુઆધુનિક વાર્તાઓમાંથી લગભગ ચારસો જેટલી વાર્તાઓનો પ્રાથમિક પરિચય આપ્યો છે. વાર્તાનો પરિચય મુખ્યત્વે વાર્તાનું કથાવસ્તુ, સંવેદનવિશ્વ, રચનાગત વિશિષ્ટતા, પ્રયોગ, અન્ય કોઇ લાક્ષણિકતા કે મહત્ત્વના પ્રસ્થાનની સારરૂપ નોંધ દ્વારા કરાવ્યો છે. જે-તે વાર્તાના સર્જકનું નામ, સંગ્રહનું નામ અને આવૃત્તિનું વર્ષ કૌંસમાં દર્શાવ્યાં છે. પ્રથમ ગુજરાતી ટૂંકીવાર્તા કોશ તરીકે આ પુસ્તકનું મૂલ્ય છે. સંપાદકીય નોંધમાં વિધાન છે કે – 'અર્વાચીનથી આધુનિક અને પછી અનુ-આધુનિક બનતો એનો મિજાજ પારખી શકાય તેવો છે. એની આ વિકાસયાત્રાની પ્રતિનિધિ છબિ ઉપસે એ માટે અહીં ઉદારરુચિ અને વ્યાપક દૃષ્ટિથી લગભગ

ચારસો-જેટલી વાર્તાઓનું ચયન થયું છે.'[૧] અહીં સંપાદકોના હેતુ અને વલણો સ્પષ્ટ થાય છે. આ કોશમાં વાર્તા પરિચયના ક્રમનું આયોજન વાર્તાના શીર્ષકને અનુલક્ષીને અકારાદિક્રમ પ્રમાણે કરેલું છે. સમયસંદર્ભ કે યુગવિભાજન મુજબ આ વાર્તાઓની ગોઠવણી કરી હોત તો જે-તે યુગ કે સ્તબક સંદર્ભે વિષયવસ્તુ-ટેકનિક-જેવી ખાસિયતો એક સાથે પ્રસ્તુત થઇ શકત. આ ક્રમ આયોજનને કારણે કોશમાં સુન્દરમ્, રઘુવીર ચૌધરી, રામનારાયણ.વિ.પાઠક, કિશોર જાદવ, ધૂમકેતુ (P.48-49)ની વાર્તાઓને ક્રમાનુસાર પરિચય મળે છે. તેથી 'વિકાસયાત્રાની પ્રતિનિધિરૂપ છબિ' તો નથી જ મળતી પણ યુગદર્શન શક્ય નથી બનતું.

'ગુજરાતી સાહિત્ય કોશ' ખંડ-૨(પ્રથમ આવૃત્તિ -૧૯૯૦)ના વિવેચક મુખ્ય સંપાદક છે. આ કોશમાં કર્તા, પુસ્તકકૃતિ અને જાણીતા પાત્રો વિશેનાં નવ હજારથી વધુ અધિકરણો સમાવિષ્ટ છે. આ અધિકરણો પરિષદના નિયુક્ત અને બહારનાં નિષ્ણાત અધિકરણ લેખકો વડે લખાયાં છે. સામગ્રીનાં મહત્ત્વ અને પ્રાપ્ય વિગતોના આધારે આ અધિકરણો વિસ્તૃત, મધ્યમ અને સંક્ષિપ્ત કદ ધરાવે છે. આ અધિકરણો ઇ.સ. ૧૯૫૦ પહેલાં જન્મેલા કર્તાઓ વિશેનાં છે. કોશનો હેતુ ગુજરાતી લેખકો અને કૃતિઓના માહિતીલક્ષી પરિચયનો અને ગુજરાતી સાહિત્યના વિકાસ અને ગતિનો આલેખ આપવાનો છે. આ કોશ સંદર્ભગ્રંથ અને માહિતીગ્રંથ સ્વરૂપે છે. ગુજરાતી લલિત સાહિત્યના કર્તાઓનો જ આ કોશમાં સમાવેશ કર્યો છે. આ સર્જકોની લલિતેતર કૃતિઓની નોંધ લીધી છે.

વિવેચકે સંપાદકીય નોંધમાં કોશનો હેતુ, કાર્યપદ્ધતિ, કેટલાંક ગૃહીતો, સામગ્રી ચયન, લેખનપદ્ધતિ જેવી વિગતો નોંધી છે. સંપાદનનાં અને સામગ્રીની પ્રાપ્તિનાં પ્રશ્નોને પણ ચર્ચ્યા છે. અધિકરણના લેખનના ધોરણોમાં 'હકીકતોના સમતુલ વિવરણની તેમજ પ્રાથમિક પરિચયાત્મક ભૂમિકા' ને દર્શાવ્યાં છે.

---

૧. ગુજરાતી ટૂંકી વાર્તા કોશ

'ગુજરાતી સાહિત્યનો નવમો દાયકો' (પ્ર.આ. જુલાઈ-૧૯૯૧) ગ્રંથ નવમા દાયકાની સર્જનાત્મક, વિવેચનાત્મક અનુવાદ, સંપાદન, ભાષાવિજ્ઞાન અને અન્ય લલિત સામગ્રીને તપાસી એ સમયગાળાનો ચિતાર આપતું સંકલન છે. એમાં સર્જન-સંપાદન વિવેચનનાં વિવિધ સ્વરૂપોને ધ્યાનમાં રાખીને જુદા જુદા વિદ્વાનોએ લખેલા અભ્યાસલેખો છે. આ સંપાદનની સંપાદકીય નોંધ વિવેચકનાં ભાષા, શૈલી અને પદ્ધતિ દર્શાવતાં નથી. તેથી એ વિશે કોઈ ટિપ્પણી કરવાનું ઉચિત નથી.

અન્ય સંપાદક સાથે વિવેચકે **'અનુઆધુનિકતાવાદ'** (પ્ર.આ.સપ્ટેમ્બર-૧૯૯૩) પુસ્તિકાનું સંપાદન કર્યું છે. જેમાં વિવેચકનો 'વિવેચન વિકાસનાં ત્રણ પ્રતિમાનો' લેખ છે. આ લેખ 'બહુસંવાદ' માં પછીથી પુનર્મુદ્રિત થયો છે. સિદ્ધાંત વિવેચનમાં આ લેખની નોંધ લીધી છે. અહીં અનુઆધુનિકતાવાદ સંદર્ભે વિવેચનના આ લેખની ઉપયુક્તતા જુદી છે. વિવેચકે વિવેચન પદ્ધતિમાં આવેલાં પરિવર્તનો દર્શાવ્યાં છે. આ પરિવર્તનોની પીઠિકારૂપ સોસ્યૂરનો સંરચનાવાદ, નવ્યવિવેચન, અનુસંરચનાવાદ અને મિખાઈલ બખ્તિનના સંવાદપરક ભાષાપ્રતિમાનની સિદ્ધાંત વિચારણાઓનો ટૂંકો પરિચય આપ્યો છે. વિવેચકે મુકેશ વૈદ્યના એક કાવ્યનું પરંપરિત, સંરચનાવાદી, અનુસંરચનાવાદી અને બખ્તિનના સંવાદપરક પ્રતિમાનની પદ્ધતિથી વિવેચન કર્યું છે. અનુઆધુનિકતાવાદી પ્રત્યક્ષ વિવેચન પદ્ધતિનો નમૂનો વિવેચકે પૂરો પાડયો છે. વિવેચનના વિવિધ સિદ્ધાંતો અને એનો પ્રત્યક્ષ વિવેચનમાં પરિચય આપી વિવેચકે અનુઆધુનિકતાવાદને સિદ્ધાંતપ્રવાહમાં એની યોગ્ય ભૂમિકાએ તપાસ્યો છે. પુસ્તિકામાં બધા લેખોને અંતે 'શેષકથન' શીર્ષક હેઠળ વિવેચકે અનુઆધુનિકતાવાદના સામાજિક, સાંસ્કૃતિક અને કલાપરક સંદર્ભો વર્ણવ્યા છે. અનુઆધુનિકતાવાદના અનુસંરચનાવાદી, નર્વ્ય માર્કસવાદી, નવ્ય વ્યવહારવાદી, નારીવાદી અને નવ્ય ઇતિહાસવાદી- એમ પાંચ પ્રવર્તમાન પ્રવાહોની નોંધ કરી છે. વિવેચકે વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક પદ્ધતિથી લેખ અને 'શેષકથન' બંનેમાં પોતાના વિચારો રજૂ કર્યા છે.

વિવેચકે અન્ય સંપાદક સાથે **'તુલનાત્મક કાવ્યશાસ્ત્ર કેટલાંક પરિણામ'** (પ્ર.આ. ઓક્ટોબર-૧૯૯૪) પુસ્તિકાનું સંપાદન કર્યું છે. રામપ્રસાદ બક્ષીની જન્મશતાબ્દી નિમિત્તે યોજાયેલ શ્રેણીસંવાદ પૈકીનાં ચાર વ્યાખ્યાન અને વિવેચકનું પોતાનું અન્યત્ર રજૂ થયેલું 'ભારતીય રસબોધની અનન્યતા' વ્યાખ્યાનનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે. સંપાદકીય નોંધમાં વિવેચકે તુલનાત્મક કાવ્યશાસ્ત્રના ક્ષેત્રે પ્રદાન કરનાર આંદ્રીયા મારિનોના વિષયસંબંધી વિચારો રજૂ કર્યા છે. જુદીજુદી સંસ્કૃતિ અને સાહિત્યમાં પણ સારભૂત સર્વદેશીય કોઇ તત્ત્વ રહેલું છે. તુલનાત્મક સાહિત્યને વૈયક્તિકતામાં નહીં આ સારભૂત સર્વદેશીય તત્ત્વમાં રસ છે. મારિનોના મતે તુલનાત્મક સાહિત્યશાસ્ત્રનું કાર્ય સાહિત્યિક અચલો તારવવાનું છે. મારિનોના વિચારની ભૂમિકાએ ભિન્ન ભિન્ન પરંપરાના સાહિત્યશાસ્ત્રમાંથી તુલનાત્મક પદ્ધતિએ સારભૂત તત્ત્વ તારવવાનો ઉપક્રમ આ સંપાદનમાં છે. આ પુસ્તિકાના લેખોને પામવામાં સહાયરૂપ નીવડે એવી સૈદ્ધાંતિક પીઠિકા વિવેચકે ઘડી છે. એ રીતે સંપાદકીય વિશિષ્ટ અને મૂલ્યવાન બને છે. આ પુસ્તિકામાં ભારતીય કાવ્યશાસ્ત્રના રસ, ધ્વનિ અને વિચારને અનુક્રમે, આધુનિક સાહિત્ય, પ્રતીકવાદ અને રશિયન સ્વરૂપવાદ સાથે સાંકળતાં લેખો જુદા જુદા લેખકોએ રજૂ કર્યા છે. વિવેચકના લેખ વિશે સિદ્ધાન્તચર્ચામાં ઉપયુક્ત નોંધ કરી છે. આ લેખ સંપાદનની પદ્ધતિ મુજબ ભારતીય રસસિદ્ધાંતની ચર્ચા પશ્ચિમના અન્ય કોઇ વાદ કે સિદ્ધાંત સાથે કરી નથી પણ આ લેખમાં સંસ્કૃત સિદ્ધાંત વિચારણાને વિશ્વના બૃહદ્ પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. સંસ્કૃતિ સિદ્ધાંતોને ભારતીય કાવ્યશાસ્ત્રની અને યુરોપીય શાસ્ત્રની પરિભાષાઓમાં વર્ણવ્યા છે. સંસ્કૃત સંજ્ઞાઓને અંગ્રેજીમાં પ્રચલિત યુરોપીય કાવ્યશાસ્ત્રની સંજ્ઞાઓ સાથે મૂકી સંસ્કૃત કાવ્યશાસ્ત્રની સર્વદેશીયતા અને સર્વકાલીનતા દર્શાવી આપી છે. વિવેચકની ભાષા વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક, વિશ્લેષણાત્મક છે.

વિવેચકે **'જયંત ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ'** (પ્રથમ આ. નવેમ્બર-૧૯૯૪) પુસ્તકમાં જયંત ખત્રીની શ્રેષ્ઠ નવ વાર્તાઓનું સંપાદન કર્યું છે. આ વાર્તાઓનો વિવેચકે એના પરિવેશ, વર્ણન, પાત્રાલેખન, શૈલી, સંઘટના, કથનકેન્દ્ર, સંયોજના અને ઘટનાનિરૂપણની વિશિષ્ટતાના સંદર્ભે ઉદાહરણો સાથે આસ્વાદ

કરાવ્યો છે. આ વાર્તાઓની સંરચના માટે વાર્તાકારે અપનાવેલી જુદીજુદી યોજનાને વિવેચકે દર્શાવી છે. જેમાં કથનની ગતિમાં ફેરફાર, કથન ઘટકોની હેરફેર, કથનઘટકોનું પુનરાવર્તન, કેટલાંક ઘટકોને અધ્યાહૃત રાખવા, ઘટકોને કથનકેન્દ્રથી પ્રમાણિત કરવા જેવી જુદી જુદી પદ્ધતિએ કથાઘટકોને સંયોજિત કર્યા છે. પ્રગતિવાદી, વાસ્તવવાદી, વિચારસરણી અથવા વૈયક્તિક કે વૈશ્વિક પરિમાણનો વિકાસ જેવાં ઘટકો વાર્તામાં આમેજ કરે છે. વિવેચકે વાર્તાકારની લેખનશૈલી, પદ્ધતિ અને સર્જનપ્રક્રિયા વિશે માહિતી આપી છે. વાર્તાકારના વ્યવસાય, જીવન-વિચાર-કર્મની પદ્ધતિ જેવી વિગતો રજૂ કરી છે. વિવેચકે સર્જકલક્ષી, ઐતિહાસિક અભિગમથી સર્જક પરિચય અને કૃતિલક્ષી, સંરચનાવાદી અભિગમોના ઉપયોગ સાથે કૃતિપરિચય આપ્યો છે. વિવેચકની ભાષા વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક છે. જીવન અને કવનને સાંકળી એક સર્જકની વ્યક્તિમત્તા અને સર્જકશીલતાનો આલેખ દર્શાવ્યો છે.

ગુજરાતી કવિતા ચયન : ૧૯૯૩ (પ્ર.આ.૧૯૯૫)નું પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદની વાર્ષિક સંપાદનપ્રવૃત્તિના ભાગરૂપે થયું છે. ઓછે વત્તે અંશે પાણીદાર રચનાઓને અને કશુંક સજીવ તારવી શકાય એવી રચનાઓને આ સંચયમાં સમાવી છે. અછાંદસ, ગઝલ, છાંદસ અને ગીત સ્વરૂપની કૃતિઓનો અહીં સમાવેશ કર્યો છે. વિવેચકે લગભગ દરેક કૃતિને એની વિશિષ્ટતાના સંદર્ભે ટૂંકમાં વર્ણવી છે. કાવ્યલક્ષણોમાં સામગ્રીનું રૂપાંતર, કવિ ચેતનાના વિવિધરૂપો, કાવ્યનો મિજાજ, છંદમાં વિશિષ્ટ બનેલી ભાષાભિવ્યકિત અને અપૂર્વ અભિવ્યક્તિને ગણાવ્યાં છે. વિવેચકની ભાષા મૂલ્યાંકનપરક, વર્ણનાત્મક છે. આ સંપાદનનો ઉદ્દેશ ૧૯૯૩ના વર્ષમાં પ્રગટ થયેલી કેટલીક રચનાઓના સંકલન દ્વારા એ વર્ષની કાવ્યલેખન પ્રવૃત્તિ, પ્રવાહ, વિશિષ્ટતા અને નોંધપાત્ર વલણોનો પરિચય કરાવવાનો છે.

ગુજરાતી સાહિત્ય કોશ : ખંડ ત્રણ (સાહિત્યિક પ્રકીર્ણ) (પ્ર.આ.૧૯૯૬) આ કોશમાં મધ્યકાલીન અને અર્વાચીન કર્તા અને કૃતિઓ સિવાયની ગુજરાતી સાહિત્ય વિષયક નોંધપાત્ર સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં પૂર્વ-

પશ્ચિમની સાહિત્યિક સિદ્ધાંતોની પરંપરાના મહત્ત્વના સંપ્રત્યયો, વાદો, વિચારણાઓને અધિકરણોમાં શક્ય એટલી વધુ માહિતીને લાઘવથી સમાવે તે રીતે આવરી લેવાયાં છે. તો ગુજરાત, ગુજરાતી સામયિકો, વિવિધ સાહિત્યિક સ્વરૂપો, સાહિત્ય પ્રવાહો, વિશિષ્ટ ક્ષેત્રનું સાહિત્ય જેવી વિગતો કે છંદ-અલંકાર વિચાર કે મહત્ત્વનાં સાહિત્યિક શબ્દપ્રયોગોની વિગતો અહીં આમેજ કરી છે. 'કાવ્યની ગેયતા અને અગેયતા, કાવ્યપઠન, કાવ્યપાક, કાવ્યપુરુષ, કાવ્યભાષા, કાવ્યમાં કાકુ' જેવા વિવિધ પ્રચલિત વિભાવોની સમજૂતી આપી છે. આ કોશ વિદ્યાર્થી, અધ્યાપકો અને જિજ્ઞાસુઓ માટે સર્વોપયોગી સંદર્ભગ્રંથ તરીકે ઊપયોગી નીવડે એવો એનો હેતુ સિદ્ધ કરે છે. આયોજન, અકારાદિક્રમ, ઉપયુક્ત વિસ્તાર અને લાઘવ જેવાં પાસાં કોશ સ્વરૂપની શાસ્ત્રીય પદ્ધતિને અનુસરે છે.

'ગુજરાતી આત્મકથાલેખન' (પ્ર.આ. જુલાઈ-૧૯૯૮) માં વિવેચકે સુડતાળીસ જેટલી આત્મકથાનાં ખંડોને સંકલિત કર્યાં છે. સર્જકનું નામ, પ્રકરણનું નામ અને આત્મકથાના પ્રકાશન વર્ષને અનુક્રમમાં નોંધ્યાં છે. જે તે પ્રકરણને અંતે આત્મકથાનું નામ અને પ્રકાશન વર્ષ નોંધ્યાં છે. પ્રકરણના આરંભે સર્જકનો ટૂંકો પરિચય આપ્યો છે.

આ સંપાદનનો હેતુ આત્મકથા લેખનમાં આવેલાં પરિવર્તનોની રૂપરેખા મૂળ કૃતિઓ દ્વારા આપવાનો છે. સંપાદકીયમાં વિવેચકે આત્મકથા સ્વરૂપની વિગતે ચર્ચા પૂર્વ-પશ્ચિમની વિચારણાઓના આધારે રજૂ કરી છે. જુદા જુદા આત્મકથા પ્રકરણોને એમાં નિરૂપિત 'હું'ના સંદર્ભે મૂલવ્યાં છે. પ્રકરણોમાં વર્ણવેલ ઘટના, વિગત, સામગ્રીનો ટૂંકમાં નિર્દેશ કર્યો છે. એના સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યના સંદર્ભે નોંધ કરી છે. આત્મકથાકારનું વ્યક્તિત્વ નિરાળી રીતે સંડોવાયેલું અને વ્યક્ત થતું હોય એવાં પ્રકરણો આ સંપાદનમાં આમેજ કર્યા છે. આત્મકથા અંશોમાંથી ગાંધી વિચાર, બાલ્યકાળ-કિશોરકાળ, સ્ત્રીસંબંધ અને પ્રેમ તથા અતીતરાગને મુખ્ય વર્ણ્ય વિષયો તારવ્યાં છે. ગાંધીજીની આત્મકથાના

અંશનું ભાષા, ગદ્ય, સંવાદ, વર્ણન જેવાં અંતરંગઘટકોના વિશ્લેષણ દ્વારા વિવરણ કર્યું છે.

'આપણી કવિતા સમૃદ્ધિ (ઉત્તરાર્ધ)'(પ્ર.આ.૨૦૦૪) પુસ્તક સહૃદય વાચકને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલું સંપાદન છે. બળવંતરાય ઠાકોરે ઇ. સ. ૧૯૩૧ની આસપાસ **'આપણી કવિતા સમૃદ્ધિ'** સંકલનમાં તત્કાલીન ગુજરાતી કવિતાઓનો સમાવેશ કર્યો હતો. એ પ્રકારના કાર્યને ગાંધીયુગ પછીની કવિતાઓના સમાવેશ સાથે આગળ ધપાવવાની આ સંપાદનની નેમ છે. સમય સમય પર બદલાતી અને સિદ્ધ થતી કવિતાને લક્ષમાં રાખીને આ સંપાદન કર્યું છે. કવિપ્રતિભા અને કવિપરિશ્રમનાં ધોરણો સ્વીકારી કાવ્યને મૂલવી એને અહીં સમાવ્યાં છે. કાવ્યોને સમયાનુસાર સ્તબકોમાં વિભાજિત કરી વર્ણાનુક્રમે ગોઠવ્યા છે. આ કાવ્યોને એનાં કાવ્યવિત્ત, પલટાતી કાવ્ય તરાહો, સંવેદનક્ષેત્રો અને વિશિષ્ટ અભિવ્યક્તિના આધારે પાંચ સ્તબકમાં વહેંચ્યાં છે. પહેલો સ્તબક ગાંધીયુગનું અનુસંધાન જાળવીને પણ ઇન્દ્રિયવ્યત્યય, બદલાતી યુગચેતના, અભિવ્યક્તિ, વર્ણ્યવિષય સંદર્ભે નવીનતા દાખવે એવાં સુંદરમ્, ઉમાશંકર, શ્રીધરાણી, સ્નેહરશ્મિનાં કાવ્યો સમાવે છે.

બીજા અનુગાંધીયુગની શરૂઆતના સૌંદર્યલક્ષી સ્તબકમાં પ્રહ્લાદ પારેખ, હરિશ્ચંદ્ર ભટ્ટ, વેણીભાઇ પુરોહિત, મકરંદ દવે આદિ કવિઓને સમાવ્યાં છે. ત્રીજા સ્તબકમાં ઊર્મિકાવ્ય સંદર્ભે રાજેન્દ્ર શાહ અને આધુનિક કવિ નિરંજન ભગતનો અવાજ અનુક્રમે નિરુદ્દેશ સૌંદર્ય અને નગર સ્ફોટમાં પરિણમે છે. આ સ્તબકમાં ઉશનસ્, જયંત પાઠક, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક જેવા કવિઓનાં કાવ્યો આમેજ કર્યાં છે. ચોથા આધુનિકતાવાદના સ્તબકમાં શુદ્ધ સૌંદર્યબોધ અને ઇન્દ્રિયવ્યત્યયો દ્વારા કવિતાની સ્વાયત્તતા, છંદથી મુક્તિ, ભાષાકર્મને સ્વીકાર્યાં. આ સ્તબકમાં સુરેશ જોષી, ગુલામ મોહમ્મદ શેખ, સિંતાશુ યશશ્ચંદ્ર, રાવજી પટેલ, અનિલ જોષી, ચિનુ મોદી, આદિલ મન્સૂરી, મનોજ ખંડેરિયા જેવા કવિઓનાં કાવ્યો સંકલિત કર્યાં છે. આધુનિકતાવાદના ઓસરેલા વેગમાં કવિચેતનાની વિવિધ અભિવ્યક્તિ રૂપ યજ્ઞેશ દવે, નીતિન મહેતા,

જયદેવ શુક્લ, વિનોદ જોષી, હરીશ મીનાશ્રુ જેવા કવિનાં કાવ્યો પાંચમા સ્તબક અંતર્ગત સમાવ્યાં છે.

આ સંગ્રહમાં કુલ બસો પંચાવન જેટલી રચનાઓનો સમાવેશ કર્યો છે. કૃતિઓ કયા કાવ્યસંગ્રહ કે સામયિકમાંથી લીધી છે તે સંદર્ભની નોંધ નથી. સામગ્રીનો સ્ત્રોત દર્શાવ્યો નથી. એના વિના ભાવકને સામગ્રીના મૂળસ્ત્રોતની માહિતી મળતી નથી.

વિવેચકના સંપાદનકાર્યનો વ્યાપ પણ બહોળો છે. એમણે કાવ્યસ્વરૂપમાં વાર્તાસ્વરૂપના સંપાદનો આપ્યા છે. એમણે કરેલું સાહિત્યિક કોશ અને સંજ્ઞા કોશનું કાર્ય પ્રશંસનીય છે. આટઆટલી માહિતીને શાસ્ત્રીય રીતે ચોકસાઇપૂર્વક મૂકી આપવાનું કામ ઘણી ધીરજ અને જહેમતની અપેક્ષા રાખે છે. પ્રતિપોષણ મળે કે ન મળે ચીવટથી અનેખંતથી યોગ્ય દિશામાં પરિશ્રમ કરવાની એમની ધીરજ, નિષ્ઠા અને અભ્યાસશીલતાનું પરિણામ છે.